

આજકાલ ગાંધીનગરમાં ખોદકામની કામગીરી ઠેર ઠેર ચાલી રહી છે. ક્યાંક ગટર માટે, ક્યાંક ફુટપાથ માટે, ક્યાંક રિલાયન્સવાળા માટે રસ્તાઓ ખોદી ખોદીને અવરોધક બને છે. ગાંધીનગરના ફતેપુરા વિસ્તારમાં પણ ખોદકામની કામગીરીથી રહેવાસીઓ ભારે હાલાકીમાં મુકાતા જાય છે. (તસવીર : દિપક જાની)

# અડાલજમાં કૌટુંબિક બાબતે વિખવાદ થતા લાકડીઓ ઉછળી

### પાંચ સગા ભાઈઓ સહિત ૨૫ જેટલા શખ્સોએ લાકડીઓ વડે હુમલો કરતા એક ઘાયલ

ગાંધીનગર, તા. ૨૭

અડાલજ ખાતે આવેલ મહારાજા હોટલના સામેના ભાગે સ્થિત ખુલ્લી જગ્યામાં રબારી સમાજના બે પરિવારોના કૌટુંબિક ઝઘડા બાબતે પંચ ભેગુ થયું હતું. જેમાં બે પરિવારના સભ્યો વચ્ચે તકરાર થતા આશરે ૨૫ જેટલા ઈસમોએ એક વ્યક્તિ પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો. જેમાં તેમને શરીરે ગંભીર ઈજાઓ થવાપામી હતી. આ સંદર્ભે અડાલજ પોલીસ ૨૫ જેટલા હુમલાખોરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક અડાલજ ચોકડી પાસે આવેલ મહારાજા હોટલના સામેના ભાગે રબારી સમાજના બે પરિવારોના કૌટુંબિક ઝઘડા બાબતે પંચ ભેગુ થયુ હતુ. જેમાં બે પરિવારના સભ્યો સહિત પંચના માણસો મળી કુલ ૬૦ થી ૭૦ વ્યક્તિઓ એકઠા થયા હતા. દરમિયાન બે પરિવારના સભ્યો વચ્ચે તકરાર થતા સમગ્ર મામલો બિચક્યો હતો. જેમાં વેજલપુરના વસ્ત્રાપુર ખાતે રહેતા જલુભાઈ રામજીભાઈ દેસાઈ પર સામે પક્ષેથી સગા પાંચ ભાઈઓ તરજાભાઈ રબારી, રઘનાથ તરજા રબારી, નાગજી તરજા રબારી, લાલજી તરજા રબારી, જયરામ તરજા રબારી સહિત ૨૦-૨૫ સખ્શોના ટોળાએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

જેમાં ફરિયાદી જલુભાઈ દેસાઈને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ મામલે અડાલજ પોલીસમાં જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત જલુભાઈ દેસાઈની ફરિયાદ લઈ કુલ ૨૫ જેટલા હુમલાખોરો સામે ફરિયાદ નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

# દેશમાં આગામી વર્ષેથી પ્લાસ્ટિક નોટ ચલણમાં આવી જશે

### નકલી નોટની સમસ્યાને નિવારવા હવે પ્લાસ્ટિક નોટ ચલણમાં ઉતારાશે

ગાંધીનગર, તા. ૨૭

નકલી નોટોના ચલણના રેકેટને રોકવામાં નિષ્ફળ રહેલી સરકાર હવે પ્લાસ્ટિકની નોટ ચલણમાં મુકી આ સમસ્યાના નિરાકરણ માટે પ્રયત્નો કરી રહી છે. તબક્કાવાર પ્લાસ્ટિકનું ચલણ/નોટો બજારમાં મુકવામાં આવશે.

દેશના પાંચ શહેરોમાં થોડા મહિના પહેલાં જ પ્રાયોગિક ધોરણે પ્લાસ્ટિક નોટનું ચલણ શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીના અનુભવ પરથી પ્રોત્સાહિત થઈને રિઝર્વ બેન્ક આગામી વર્ષે સમગ્ર દેશમાં પ્લાસ્ટિક નોટનું ચલણ શરૂ કરી દેશે. છેલ્લા ત્રણ-ચાર વર્ષથી દેશમાં પ્લાસ્ટિક નોટ શરૂ કરવાની તૈયારીઓમાં વ્યસ્ત રિઝર્વ બેન્ક પર નાણાં મંત્રાલયનું પણ જોરદાર દબાણ છે. આ બાબતમાં વધુ વિલંબ કરવામાં ન આવે એવી તાકિદ કરવામાં આવી છે.


પ્લાસ્ટિક નોટનું ચલણ દેશના પાંચ ચુનંદા શહેરોમાં શરૂ કરવાનો અનુભવ ઘણો સારો રહ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી જયપુર, સીમલા, ભુવનેશ્વર, મૈસુર અને કોચિનમાં પ્લાસ્ટિક નોટ ચાલી રહી છે. અત્યાર સુધીના અનુભવ પરથી રિઝર્વ બેન્કને વિશ્વાસ છે કે પ્લાસ્ટિક નોટની નકલ કરવી ઘણી મુશ્કેલ રહેશે. તદ્ઉપરાંત પ્લાસ્ટિક નોટ છાપવાનો ખર્ચ પણ ઓછો આવે છે. નાણા મંત્રાલય પણ પ્લાસ્ટિક નોટ ઉપર મોનિટરીંગ કરી રહ્યું છે. દેશભરમાં એક સાથે પ્લાસ્ટિક નોટ ચલણમાં મુકવા માટે મંત્રાલય વધારાના સંશોધનો ઉપલબ્ધ કરાવવા પણ તૈયાર છે. તેમનું માનવું છે કે પ્લાસ્ટિક નોટ દેશમાં નકલી નોટની સમસ્યાને હલ કરવામાં મદદરૂપ રહેશે. સરકારને એવી શંકા છે કે આગામી સમયમાં ચૂંટણી પૂર્વે પાડોશી રાજ્યો મોટા પાયે નકલી નોટ દેશમાં ઘુસાડી શકે છે. અને આ પણ એક કારણ છે કે નાણા મંત્રાલય પ્લાસ્ટિક નોટનો જલ્દી ચલણમાં લાવવા માંગે છે. આરબીઆઈના આંકડા અનુસાર દેશમાં દર વર્ષે લગભગ બે લાખ કરોડ નોટ છાપવામાં આવે છે. અને ૨૦ ટકા નોટ ખરાબ કે ફાટી જવાથી ચલણની બહાર કરી દેવામાં આવે છે.

# મોંઘવારીના મારમાં હવે જામફળ પણ બન્યા મોંઘા

### સામાન્ય રીતે ૨૦ થી ૩૦ રૂપિયાના કિલોના ભાવે વેચાતા જામફળ હાલ ત્રણ ગણા ભાવે બજારમાં વેચાઈ રહ્યા છે

અમદાવાદ, તા. ૨૭

શિયાળો જામતાં અમૃત કહેવાતા જામફળ બજારમાં આવવા શરૂ થઈ ગયા છે. પરંતુ ગરીબોના અને વાતાવરણની અસરને લીધે હાલમાં ઉત્પાદન ઓછું થતું હોવાથી ભાવમાં ત્રણ ગણા સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. શહેરના હોલસેલ માર્કેટમાં પ્રતિ મણ



કસ્તુરી ફળ કહેવાતા જામફળના ભાવ જાણે કે આસમાનને અડી રહ્યા છે. સામાન્ય રીતે ૨૦ થી ૩૦ રૂપિયે કિલોના ભાવે વેચાતા જામફળ હાલમાં ત્રણ ગણા ભાવે વેચાઈ રહ્યા છે. ઉનાળાની ગરમીમાં કેરી ખાવી ગમે છે એ રીતે શિયાળાની ઠંડીમાં જામફળનું વર્ચસ્વ છે. મહેસાણા ગાંધીનગર હાઈવે પર આવેલા આખજ ગામમાં આવેલી જામફળની વાડીઓમાંથી મહેસાણા સહિત આસપાસના પંથકના બજારમાં જામફળ ઠલવાય છે પરંતુ આ વર્ષે ગરીબોના કસ્તુરી સમાન જામફળ મોંઘા બની રહ્યા છે. સામાન્ય રીતે ૨૦ થી ૩૦ રૂપિયે કિલોના ભાવ બજારમાં જામફળ વેચાતા હોય છે પરંતુ આ વર્ષે ઓછા ઉત્પાદન રૂા. ૫૦૦ થી ૬૦૦ના ભાવે વેચાતા જામફળ છુટક બજારમાં રૂા. ૪૦ થી ૮૦ સુધી વેચાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષ પહેલા ગરીબોની કસ્તુરી કહેવાતી ડુંગળીએ લોકોને ખૂબ રડાવ્યા હતા. છેલ્લા ત્રણ મહિનાથી ડુંગળી લોકોની થાળીમાંથી અદશ્ય થઈ ગઈ છે. ત્યારબાદ બટાકાના ભાવ પણ લોકોને પરેશાન કરી મુક્યા હતા. લીલા શાકભાજીની ખરીદી લોકો માટે દુષ્વાર બની ગઈ છે ત્યારે લોકો શિયાળામાં વપરાતા ફળોના ભાવ પર આશા લગાવી રહ્યા હતા પરંતુ લોકોની આશા ઠગારી નીવડી છે અને શિયાળાની શરૂઆતમાં જ જામફળ સહિતના ફળો મોંઘા થતા લોકો માટે ફળો ખાવા પણ દુષ્વાર બની ગયા છે.

## વણકર સમાજ આંદોલનનો પાંચમો દિવસ

ગાંધીનગર, તા. ૨૭

સમાજભવન માટે ઉપવાસ આંદોલન કરનાર વણકર સમાજના આંદોલનના પાંચમા દિવસે સૈજપુર, નરોડા, સરસપુર, કૃષ્ણનગર ખાતે રહેતા વણકર પરીવારો ઉપસ્થિત રહેશે. જેમાં રાજયના અનેક જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## પીપળજ ગામે પશુપાલકને સાપ કરડ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક જૂના પીંપળજ ગામની સીમમાં આજે બપોરે એક માલધારી પશુપાલક પોતાની ભેંસો લઈ નજીકના ખેતરમાં પોતાના પશુઓ લઈ ચરાવવા નિકળ્યા હતા. જ્યાં ઝેરી સાપે પશુપાલકને ડંખ માર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના જૂના પીપળજ ગામમાં રહેતા સવજીભાઈ ખુભાનભાઈ રબારી પોતાની ભેંસો લઈ ગામની સીમમાં આવેલ ખેતરોમાં ભેંસો ચરાવવા ગયા જ્યાં ઝાડની આસપાસ બેસી આરામ કરી રહ્યા હતા. દરમિયાન બાજુમાંથી એક ઝેરી સાપે પશુપાલકને ડંખ માર્યો હતો. આથી તેમને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલત હાલ સુધારા પર છે.

# સ્કૂટર-બાઈક ચાલકોને વાહન પરથી નીચે ઉતર્યા પછી જ પેટ્રોલ ભરી આપવાનો આગ્રહ

### નાગરિક સુરક્ષાને ધ્યાનમાં રાખી શહેરના પેટ્રોલ પંપો દ્વારા ઉઠાવાયેલુ પ્રસંશનીય પગલું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં એક તરફ ટ્રાફિક ઝુંબેશો ચલાવવામાં આવી રહી છે. તો બીજી તરફ સુરક્ષાને ધ્યાનમાં રાખીને પેટ્રોલ પંપોના સંચાલકોએ ટુ વ્હીલર્સ ચાલકોને પોતાના વાહન પરથી ઉતારી મેઈન સ્ટેન્ડ કર્યા પછી જ પેટ્રોલ ભરી આપવામાં આવશે તેવો અનુરોધ કરવામાં આવી રહ્યો છે. નાગરિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને પેટ્રોલ પંપોના સંચાલકો દ્વારા આ અનોખી પહેલ કરવામાં આવી છે.

અત્યાર સુધી શહેરમાં ગેસ ફિલીંગ સ્ટેશનો પર સુરક્ષા હેતુસર સીએનજી અથવા એલપીજી ગેસ પુરાવતી વખતે વાહનચાલક તથા અન્ય મુસાફરોને વાહનમાંથી બહાર નીકળી જવાની ફરજ પડાઈ રહી હતી. પરંતુ હવે પેટ્રોલપંપો પર પણ આજ કારણસર ખાસ કરીને દ્વિચક્રી વાહન ચાલકોને તેમના વાહન પરથી નિચે ઉતર્યા પછી જ ઈંધણ ભરી આપવામાં આવે છે. ઈંધણ પુરાવતા પહેલા ચાલકે ફરજીયાત વાહન પરથી નીચે ઉતરી વાહનને મેઈન સ્ટેન્ડ પર પાર્ક કરવા કર્મચારી દ્વારા અનુરોધ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગરના એસટી ડેપોની નજીકના ગ-૩ સર્કલ પાસે આવેલા સે. ૬નો એચ.પી. પેટ્રોલપંપ શહેરનો સૌથી વધુ ટ્રાફિકથી ધમધમતો વિસ્તાર હોવાથી અહીં પેટ્રોલ ભરાવવા અનેકવાર અને ખાસ કરીને ઓફિસ અવર્સ દરમ્યાન લાંબી લચક લાઈનો જોવા મળે છે. આમ છતાં પેટ્રોલપંપના કર્મચારીઓ દ્વારા વાહન ચાલકોને પેટ્રોલ ભરતા પહેલા વાહન પરથી નીચે ઉતરી સ્ટેન્ડ કરવા ફરજ પડાય છે ત્યારે કેટલાક વાહનચાલકોના મોંઢા બગડી જાય છે પરંતુ 'સાહેબ આ નિયમ આપની સુરક્ષા માટે જ છે' તેવું જણાવી કર્મચારીઓ અનુરોધ કરે છે ત્યારે વાહન ચાલક પણ તેમની વાત હસતા મોંઢે માનીને નિચે ઉતરી જાય છે. પેટ્રોલપંપો દ્વારા નાગરિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરાયેલી આ અનોખી પહેલને વાહનચાલકો દ્વારા પ્રસંશનીય પગલું ગણીને આવકારવામાં આવી રહી છે. જેને ગંભીર અકસ્માત સર્જાતો અટકાવવાની તકેદારી તરીકે જોવામાં આવી રહ્યું છે.

# સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સજા

### દંડની રકમમાંથી ભોગ બનનારને ૨૫ હજારનું વળતર ચુકવવામાં પણ આદેશ

ગાંધીનગર, તા. ૨૭

માણસા તાલુકાના સમો ગામમાં સગીરાનું અપહરણ કરી તેણી ઉપર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર વર્ષ ૨૦૦૯ દરમિયાન માણસા તાલુકાના સમો ગામમાં રહેતી સગીરાનું આરોપી ભાથીજી બદાજી ચૌધરીએ અપહરણ કર્યું હતું. ત્યારબાદ સગીરા પર બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે માણસા પોલીસમથકે આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જસીટ રજૂ કર્યું હતું. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી. તેમણે સમાજમાં બનતા આ પ્રકારના ગંભીર ગુનાઓ અટકાવવા માટે આરોપીને સખત સજા કરવા કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ સેસન્સ જજ ડી.ટી. સોનીએ આરોપીને તકસીરવાર ઠરાવી બળાત્કારના ગુના બદલ ૧૦ વર્ષની સખત કેદની જા તેમજ રૂ. ૨૯ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. જ્યારે દંડની રકમમાંથી ભોગ બનનારને રૂ. ૨૫ હજારનું વળતર ચૂકવવા પણ આદેશ કર્યો છે.

# કોલવડા ગામે જમીન મામલે છેતરપીંડી કરતા બે સામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક કોલવડા ગામે એક શખ્સની ૧ વિઘા જમીનના બદલે પાંચ વિઘા જમીનના ખોટા દસ્તાવેજો બનાવી જમીન પોતાના નામે કરી છેતરપીંડી કરતા કોલવડા ગામના જમીન માલિકે આ છેતરપીંડી કરનાર બે શખ્સો વિરૂદ્ધ સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર નજીક કોલવડા ગામે રહેતા મહેશજી પૂંજાજી વાઘેલા કોલવડા ગામની સીમમાં પાંચ વિઘા જમીન ધરાવે છે. થોડા સમય પહેલા તેમને પૈસાની જરૂરિયાત ઉભી થતા પાંચ વિઘા જમીન પૈકી એક વિઘા જમીનને વેચવાનો વિચાર કર્યો હતો.

આ બાબતની જાણ થતા વાયા-વાયા આ સમગ્ર મામલો કોલવડા ગામના જ જમાઈ લાલજી નટવરજી ચાવડા પાસે પહોંચ્યો હતો અને તેમને જમીન માલિકનો સંપર્ક કર્યો હતો અને જમીનની માહિતી લઈ તેના અમદાવાદ નારણપુરા રહેતા રવિ રમેશ ગોહિલ નામના મિત્રની જમીન વેચવા બાબતે મહેશજીની મુલાકાત ગાંધીનગર ઈન્ફોસીટી ખાતેની એક ઓફિસમાં કરાવી હતી અને બાદમાં લાલજી ચાવડા અને રવિ ગોહિલે જમીન માલિક પાસેથી ૧ વિઘા જમીનને ફોટો અને કાગળો સહિત જરૂરી પુરાવા મંગાવ્યા હતા. અને દસ્તાવેજમાં ૧ વિઘા જમીનને બદલે પાંચ વિઘા જમીનના ખોટા દસ્તાવેજો બનાવી સહીઓ કરાવી લીધી હતી. આ બાબતે જમીન માલિકને પોતાની સાથે છેતરપીંડી થયા હોવાનું માલુમ પડતા તેઓએ આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસ આ બન્ને શખ્સો વિરૂદ્ધ છેતરપીંડીનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ચા લઈને આવું કહી મજૂર બાઈક લઈ એક માસથી રફુચક્કર

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સેક્ટર-૧૫ ખાતે મજૂર તરીકે કામ કરતો એક મજૂર ૧ માસ અગાઉ કામકાજ દરમિયાન એક શખ્સનું બાઈક ચા લેવાનું કહી લઈ ગયો હતો. જેની આજ સુધી કોઈ ભાળ ન મળતા બાઈક માલિકે આજે સેક્ટર-૭ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક ઉવારસદ ગામે રહેતા અમરતભાઈ પ્રજાપતિ બાઈક નં. જીજે-૧૮-સીડી-૬૩૮ લઈ પોતાના કામ અર્થે સેક્ટર-૧૫ ફતેપુરા ખાતે ગયા હતા. જ્યાં મજૂર તરીકે કામ કરતો અને ઈન્દ્રોડા ગામે રહેતો એક મજૂર વિક્રમ ચંદુજી ઠાકોર ચા લેવાનું કહી અમરતભાઈનું બાઈક લઈ ગયો હતો જે વાતને આજે એક માસનો સમય વિતી ગયો છે. આથી બાઈકના માલિકે આજે સેક્ટર-૭ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે આ અંગે ગુનો નોંધી બાઈક ચોરની શોધખોળ હાથ ધરી છે.

# અમદાવાદ-બેચરાજી વિશેષ પૂનમ ટ્રેન રદ થતા ભારે રોષ

### અમદાવાદથી પૂનમ નિમિત્તે બેચરાજી દર્શન કરવા જતા યાત્રીકોની મુશ્કેલ વધશે : સ્થાનિક લોકો વિરોધ નોંધાવ્યો

અમદાવાદ,તા. ૨૭

દર પૂનમે અમદાવાદ-બેચરાજી વાયા કડી-કલોલ, કટોસમની સ્પેશિયલ ટ્રેન બંધ કરવાનો તઘલખી નિર્ણય રેલવે તંત્ર દ્વારા લેવામાં આવતાં સમગ્ર ચુંવાળ પંથકની જનતા તેમજ .યાત્રિકોમાંતેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જ્યારે આ ટ્રેન ફરી ચાલુ કરવામાં નહીં આવે તો બેચરાજી વેપારી મંડળ દ્વારા રેલવે તંત્ર સામે બાંયો ચટાવવાનો નિર્ધાર કર્યો છે.

રેલવે વિભાગ દ્વારા પૂનમે યાત્રાધામ બેચરાજી ખાતે ભરાતા મેળામાં મુસાફરોના ધસારાને ધ્યાને લઈ વર્ષોથી અમદાવાદ-બેચરાજી, વાયા કડી-કલોલ, રાંતેજની સ્પે. ટ્રેન દોડાવવામાં આવતી હતી. પરંતુ ગત કારતક સુદ પૂનમથી આ ટ્રેનબંધ કરવાનો અચાનક નિર્ણય લેવાયો છે. આ અંગે આક્રોશ વ્યક્ત કરતા બેચરાજી વેપારી મંડળના મંત્રી ચંપકલાલ શાહે જણાવ્યું હતુ કે દર પૂનમે અમદાવાદથી મોટી સંખ્યમાં યાત્રિકો બહુચર માતાજીના દર્શને આવે છે. એસ.ટી. કરતાં રેલવેનું ભાડું ઓછું હોઈ લોકો રેલવેનો જ ઉપયોગ કરેચે. જેના કારણે વિભાગ માટે આ ટ્રેન દુઝણી ગાય સમાન હતી. પરંતુ કોણ જાણે કે બેચરાજી સાથે આભડછેટ જેવો વ્યવહાર રાખવામાં આવતો હોય તેમ આ ખાસ ટ્રેન પણ બંધ કરી દેવામાં આવી છે. આ બાબતથી અજાણ હજારો યાત્રીકો પૂનમે રઝળી પડ્યા હતા. જેના કારણે યાત્રિકોમાં તંત્ર પ્રત્યે ભારોભાર રોષની લાગણી છે. એકબાજુ રેલવે તંત્ર બેચરાજીને આદર્શ સ્ટેન્ડ બનાવવા તથા બ્રોડબેન્ડ લાઈનથી જોડવા માટે મોટા ઉપાડે જાહેરાત કરે છે. બીજી બાજુ લોકોને મળતી સેવાઓ છીનવી લેવાનો કારસો રચે છે. જેની સામે સમગ્ર પંથકની જનતા આંદોલનના મૂડમાં દેખાઈ રહી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૩.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૫૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ક્રીશ-૩ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦
રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરા પ્યાર મેં : ૯.૦૦, ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૨ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ગોરી તેરે પ્યાર મે : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ. મિત્રોથી વિશેષ લાભ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા.

**કન્યા** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ થવાની સંભાવના. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : વિશેષ નિર્ણય દ્વારા ધન વૃદ્ધિ થવાની સંભાવના. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સામાજિકક્ષેત્રોથી લાભ મળી શકશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના.

**કુંભ** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન. જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિ થશે. પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.